## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ન કરે નારાયણને... ક્યારેક કોઈ રાજ્યમાં આપણે હારવું હશે ને તો ફાંફા પડી જવાના છે... જોજે...

## આજે દહેગામ ખાતે ભરતી મેળાનું આયોજન

ગાંધીનગર, તા.૧૭

આવતીકાલે એટલે કે તા. ૧૮-૫-૨૦૧૮ના રોજ દહેગામ ખાતે મુખ્યમંત્રી એપ્રેન્ટીસ યોજના અંતર્ગત ભરતી મેળાનું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમ મે. ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ એન્ટરપ્રીન્યોરશીપ ડેવલપમેન્ટ, બી – ૪૦૧ – ૪૦૪ નીલકંઠ આર્કેડ, એસ.ટી. બસ સ્ટેન્ડ પાસે, દહેગામ – જી. ગાંધીનગર ખાતે સવારે ૧૦.૦૦ થી ૧૩.૦૦ કલાકે યોજાનાર છે તેમ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, ગાંધીનગરની એક યાદીમાં જણાવાયું છે.





ગાંધીનગરના સેકટર-૨૮ જીઆઈડીસી પાસેના પ્લોટ નં. ૬૦૬માં લાંબા સમયથી ઉભા કરી દેવામાં આવેલા પાકા દબાણો પર દબાણ તંત્રની ટીમે સપાટો બોલાવ્યો હતો અને આ પ્લોટમાં ઉભા કરી દેવાયેલા દબાણોને બુલડોઝરની મદદથી જમીનદોસ્ત કરવામાં આવ્યા હતા.

# લીંબડીયાના ખેડુતની ૨૧ વિઘા જમીન પચાવી પાડવા મિત્રનો કારસો

### હું જમીન લે-વેચનો ધંધો કરું છું પણ ખેડુત ખાતેદાર નથી એટલે તારા નામે ધંધો કરીશ કહીને બાનાખત કરાવી દીધો : ચાર સામે પોલીસ ફરિયાદ

ગાંધીનગર, તા.૧૭

ડભોડા નજીક આવેલા લીંબડીયા ગામના એક ખેડુતની ૨૧ વિઘા જમીન પર તેના જ મિત્ર એ નજર બગાડી આ કરોડોની જમીન પચાવી પાડવાનો કારસો ઘડી કાઢયો હોવાનું બહાર આવ્યું છે. હું જમીન લે-વેચનો ધંધો કરુ છું. પણ ખેડુત ખાતેદાર નથી એટલે તારા નામે ધંધો કરીશ તેમ કહીને ભોળા ખેડુત મિત્રને છેતરી તેના જમીનનો બાનાખત કરાવી લીધો હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે. ડભોડા પોલીસે ખેડુતની ફરિયાદ આધારે ચાર શખ્સો સામે ગુનો દાખલ કરીને ઉંડી તપાસ શરુ કરી છે.

લીંબડીયાના ભગવાનભાઈ ઉર્ફે ભગાભાઈ મરઘાભાઈ પટેલ અને તેમના ભાઈ વચ્ચેની ભાગીદારીની ૨૧ વિઘા જમીન લીંબડીયાની સીમમાં આવેલી છે. ભગવાનભાઈના જ મિત્ર નારણ બાબર રબારી પહેલા લીંબડીયા રહેતા હતા જે અત્યારે કુબેરનગર નિલકંઠ બંગ્લોઝમાં રહે છે તેણે ૨૧ વિઘા જમીન પચાવી પાડવા કાવતરું રચ્યું હતું. ૨૦૧૫માં ભગવાનભાઈને નારણે કહ્યું હતું કે હું જમીન લે વેચ કરું છું પણ ખેડુત ખાતેદાર નથી. એટલે મારા નામે ધંધો થઈ શકે નહીં. તારા નામે હું ધંધો કરીશ એનું લખાણ કરવું પડશે. રૂપિયા તારા બેંકમાં જમા થશે તું ઉપાડીને મને આપી દેજે તેમ કહી બોલાવીને જમીનનો બાનાખત બનાવી તેના ઉપર સહીઓ કરાવી લીધી હતી. હવે આ મામલો બહાર આવ્યો જયારે ખેડુતને નોટીસ મળી અને જમીનનો બાનાખત થઈ ગયો હોવાની જાણ થઈ..! ડભોડા પોલીસે નારણ બાબર રબારી, રાણીપના વિપુલ રમેશ પટેલ, ચાંદખેડાના રાજુ ધના રબારી અને સઈજપુર બોધાના કિરણ જીવરાજ રબારી સામે ગુનો નોંધી ઉંડી તપાસ આરંભી છે.

# ન્યુ સરગાસણ વિસ્તાર લાઈટોથી ઝળહળી ઉઠશે

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેરના મુખ્ય માર્ગો તેમજ સેકટરના આંતરીક માર્ગો રાત્રે પણ લાઈટોથી ઝળહળી ઉઠે છે. શહેરમાં પંદર હજારથી પણ વધુ વિજપોલ ઉભા કરાયા છે. જેથી દિવસ જેવું જ અજવાળુ રાત્રીના સમયે પણ લાગે તે માટે તંત્રએ સુવિધા ઉભી કરી છે. પંરતુ ગુડા વિસ્તારના સરગાસણના હડમતિયા વિસ્તારમાં અનેક સોસાયટીઓ તેમજ ફલેટ બની ગયા છે જેમાં હજ્જારો નાગરીકો વસવાટ કરે છે. ત્યારે આ વિસ્તારમાં સાંજ ઢળતા જ અંધારપટ છવાઈ જાય છે. જયારે ફલેટ કે સોસાયટીમાં લાઈટ હોય પરંતુ માર્ગ પર અંધકાર હોવાથી કોઈ બહાર જઈ શકતુ નથી. ત્યારે માર્ગ પર લાઈટના વિજપોલ ઉભા કરવા નાગરીકો દ્વારા તંત્રને લેખિત તેમજ મૌખિક અનેક રજુઆત છતા હવે ન્યું સરગાસણ વિસ્તારમાં લાઈટના વિજપોલ નાંખવાનું તંત્ર દ્વારા કામગીરી હાથ ધરાઈ છે.

સરગાસણ વિસ્તારના માર્ગો પર તંત્ર દ્વારા લાઈટના વિજ પોલ ઉભા થયા બાદ આ સમગ્ર વિસ્તાર રોશનીથી ઝગમગતો થઈ જશે. જયારે નાગરીકો પણ રાત્રીના સમયે પોતાના ઘરની બહાર નીકળતા મુશ્કેલી અનુભવતા હતા તે હવે નહીં અનુભવવી પડે. જયારે નાગરીકોને સાંજ ઢળતા જ અંધકાર હોવાથી અસામાજીક તત્વો કે ચોરીનો ભય નાગરીકોને સતાવતો હતો તેમાંથી પણ છુટકારો મળશે. ટુંક સમયમાં કામગીરી પૂર્ણ થતા આ સમગ્ર વિસ્તારમાંથી અંધકાર ગાયબ થઈ જશે.

# મૂક-બધિર દિવ્યાંગોની વાતચીત સરળ બનાવતા વિશ્વકર્મા ઈજનેરી કોલેજના વિદ્યાર્થીઓ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર પાસેના ચાંદખેડા ખાતેની વિશ્વકર્મા એન્જિનીયરીંગ કોલેજના વિદ્યાર્થીઓએ 'ફ્લેક્સ સેન્સર હેન્ડ વેવ્ઝ સીસ્ટમ' બનાવી છે. જેને કારણે મૂક-બધિર દિવ્યાંગોને કોમ્યુનિકેશન કરવામાં સરળતા પ્રદાન કરશે. આ સીસ્ટમ સંપૂર્ણ પણે દિવ્યાંગ વ્યક્તિના હાવભાવ પર નિર્ભર રહેશે જેને સેન્સર સાથેના મોજાના સ્વરૂપમાંથી ઓડિયો-વિડીયો સ્વરૂપમાં તબદીલ કરવા સક્ષમ હશે. આ ઉપકરણ મૂક-બધિર દિવ્યાંગોના જીવનમાં ખૂબ ઉપયોગી નિવડશે તેવુ જણાય છે.



વિશ્વકર્મા ગર્વમેન્ટ એન્જિનીયરીંગ કોલેજના ડૉ. એ.એમ. હક્ક તથા મો. નિરવ મહેતાના માર્ગદર્શન અંતર્ગત દિવ્યંશી વશિષ્ઠ,નેહલ પ્રજાપતિ, શ્રુતિ દૂબે અને દિવ્યંશા મહેતા દ્વારા 'ફ્લેક્સ સેન્સર હેન્ડ વેવ્ઝ સીસ્ટમ' વિકસાવી છે.

દિવ્યંશી વશિષ્ઠે જણાવ્યું હતું કે આ સીસ્ટમમાં સેન્સર્સ સામાન્ય ઉપયોગોમાં આંગળીના ટ્રેક્શન, રોબોટિક્સ અને ગેમિંગનો સમાવેશ થાય છે. નેહલ પ્રજાપતિના જણાવ્યાં મુજબ આ મોડેલ માઈક્રો કન્ટ્રોલર આધારિત છે જેના લેટેસ્ટ ટેકનોલોજીના ઉપયોગ ઉપરાંત ભવિષ્યના પાસાઓ તેમજ જરૂરિયાતોને ધ્યાનમાં રાખવામાં આવી છે. વિદ્યાર્થીઓ દ્વારા બનાવાયેલા આ પ્રોજેક્ટ થકી દિવ્યાંગો ખાસ કરીને મૂકબધિરને વાતચીત કરવી વધુ સરળ બનશે.

# પેથાપુરના ગૌરવપથ માર્ગમાં જનહિતના નિયમો નેવે મુકાતા હોવાની રાવ

ગાંધીનગર, તા.૧૭

પેથાપુર ચોકડી થી ગામના બસ સ્ટેન્ડ સુધીનો માર્ગ અત્યારે હાલ વિકસાવવામાં આવી રહ્યો છે. આ માર્ગને ગૌરવ પથ નામ આપવામાં આવ્યું છે. ત્યારે આ માર્ગમાં જનહિતના નિયમો નેવે મુકીને તોડફોડ તેમજ નવીનીકરણ કરવામાં આવી રહ્યું છે .ત્યારે આ કામકાજને તાત્કાલીક અસરથી અટકાવવા માટે પેથાપુરના જાગૃત નાગરીકે પેથાપુર નગરપાલિકાના ચીફ ઓફિસરને લેખિતમાં રજુઆત કરી છે.

પેથાપુર ચોકડીથી લઈ બસ સ્ટેન્ડ સુધીનો ગૌરવ પથ માર્ગની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. પેથાપુર નગરપાલિકા દ્વારા હાલમાં ટેન્ડર પ્રક્રિયાથી આપવામાં આવેલા અને નવા તૈયાર કરવામાં આવી રહેલા ગૌરવ પથ માર્ગની કામગીરીમાં પ્રજાહીતને ધ્યાનમાં લીધા સિવાય કોન્ટ્રાકટર દ્વારા રસ્તાનું સીધુ કામ ચાલુ કરી દેવામાં આવતા ગ્રામજનોને કેટલીક તકલીફનો સામનો કરવો પડે છે.જેમાં જમીન સ્તર થી આ નવા બનતા માર્ગની નિયત ઉંચાઈને ધ્યાને લેવામાં આવી નથી જેના પગલે માર્ગ બન્યા પછી આ માર્ગને સમાંતર સોસાયટીઓને ચોમાસાની સિઝનમાં વહેતા વરસાદી પાણીને અવરોધ રુપ બને તો ત્યાંના રહીશો માટે ઝોખમી પુરવાર થઈ શકે છે. જેને પગલે પેથાપુરના જાગૃત નાગરીકે પેથાપુર નગર પાલિકામાં લેખિતમાં ફરિયાદ કરીને આ માર્ગનું કામ તાત્કાલીક અસરથી અટકાવવા માટે રજુઆત કરી છે.

# ગુજરાતી સંગીત કલાકારોની ઈકો ગાડીને લકઝરીની ટક્કર : બે ના મૃત્યુ

### તૈયાર કરેલા ગુજરાતી ગીતનું રેકોર્ડીંગ કરી કલાકારો મારફતે મહેસાણામાં વિડીયો શુટીંગ કરવા ગયેલા કલાકારો પરત જઈ રહ્યા હતા ત્યારે ગલુદણ પાસે બનેલી ઘટના : નરોડા-દહેગામ હાઈવે પર સર્જાયો અકસ્માત : ચાર ઘાયલ

ગાંધીનગર, તા. ૧૭

ખેડા જિલ્લાના કપડવંજ આસપાસના સંગીત કલાકારો ગઈકાલે ગુજરાતી ગીતનું રેકોર્ડીંગ કરી મહેસાણાથી નરોડા ગયા હતા. નરોડા બે આર્ટીસ્ટને ઉતારીને દહેગામ રોડ તરફ ઈકો ગાડીમાં જતા હતા ત્યારે સામેથી ધસમસતી આવતી લકઝરીએ ઈકોને જબરજસ્ત ટક્કર મારતા બે કલાકારોના સારવાર દરમ્યાન કમકમાટીભર્યા મૃત્યુ નિપજ્યા છે. જ્યારે ચાર ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ડભોડા પોલીસે લકઝરીચાલક સામે ગુનો નોંધી ઘટનાની તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ ગઈકાલે કપડવંજ આસપાસના સંગીત કલાકારો પોતાની ઈકો ગાડી નંબર જીજે.૭. બીઆર.૪૨૮૧ લઈને મહેસાણાના ઓઢાણા ગામે ગયા હતા. અજીતસિંહ રાઠોડે તૈયાર કરેલા ગુજરાતી ગીતનું વીડીયો શુટીંગ કરવા ગયેલી આ આર્ટીસ્ટ ટીમ શુટીંગ પતાવીને ઈકોમાં પરત આવી રહી હતી. નરોડામાં બે આર્ટીસને ઉતારી નરોડા-દહેગામ રોડ થઈ કપડવંજ તરફ જવા નિકળ્યા હતા. તે દરમ્યાન નરોડા-દહેગામ રોડ પર ગલુદણની સીમમાં તેમને ગંભીર અકસ્માત નડ્યો હતો. સામેથી આવી રહેલી નિલકંઠ ટ્રાવેલ્સની જીજે.૩.બી.વી.૪૨૫૫ નંબરની લકઝરીએ ઈકોને ટક્કર મારતા તમામ ઈકો સવાર કલાકારો ઘવાયા હતા.

પ્રાથમિક સારવાર માટે દહેગામ હોસ્પિટલ લઈ જવાયેલા કલાકારો પૈકી કપડપંજના ૨૭ વર્ષીય અરવિંદભાઈ ભેમાભાઈ સોલંકીનું કરૂણ મૃત્યુ નિપજ્યુ હતુ. ત્યાંથી અન્ય ઈજાગ્રસ્તોને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતા ત્યાં કપડવંજના ૩૫ વર્ષિય અમિતભાઈ નંદુલાલ ભટ્ટનું પ્રાણપંખેરૂ ઉડી ગયુ હતુ. આ ઘટનામાં બે ના મૃત્યુ અને અજીતસિંહ, મનહરભાઈ, રમેશભાઈ, ભરતભાઈને ઈજાઓ થવા પામી હતી. અજીતસિંહની ફરીયાદ આધારે ડભોડા પોલીસે લકઝરીના ચાલક સામે ગુનો દાખલ કરી આરોપી ડ્રાઈવરની ધરપકડ માટે તજવીજ શરૂ કરી છે.

# રાજ્ય માનવ અધિકાર આયોગના ચેરપર્સન તરીકેનો પદભાર સંભાળતા અભિલાષાકુમારીજી

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગના ચેરપર્સન તરીકે આજે ગાંધીનગર ખાતે મણિપુર હાઈકોર્ટના નિવૃત્ત મુખ્ય ન્યાયમૂર્તિ અને હિમાચલ પ્રદેશના વતની શ્રીમતી અભિલાષાકુમારીજીએ પદભાર સંભાળ્યો હતો.



આ પ્રસંગે પ્રોટોકોલ મુજબ પોલીસ દ્વારા 'ગાર્ડ ઓફ ઓનર' અને સલામી આપીને તેમનું સ્વાગત-સન્માન કરવામાં આવ્યું હતું. તેઓશ્રી પાંચ વર્ષ સુધી આયોગના ચેરપર્સન તરીકેનો પદભાર સંભાળશે.

પદભાર સંભાળ્યા બાદ ચેરપર્સન શ્રીમતી અભિલાષાકુમારીએ માનવ અધિકાર આયોગના ઉચ્ચ અધિકારીઓ પાસેથી આયોગની કામગીરી અને કાર્યક્ષેત્ર અંગેની માહિતી મેળવીને તેમની સાથે ચર્ચા-વિચારણા કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, શ્રીમતી અભિલાષાકુમારીજી મણિપુર હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે નિયુક્ત થયા તે પહેલા ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિ તરીકે તેમની સેવાઓ આપી ચૂક્યા છે.

કર્મયોગી ભવન, ગાંધીનગર ખાતે યોજાયેલા આ પદભાર સમારોહ પ્રસંગે રાજ્ય માનવ અધિકાર આયોગના સભ્ય એમ.એસ. શાહ, કાયદા સચિવ વોરા, માનવ અધિકાર આયોગના સચિવ એસ.બી. રાવલ, જિલ્લા પોલીસ વડા વિરેન્દ્રસિંહ યાદવ તેમજ સંયુકત સચિવ પી.એલ. પંચાલે નવ નિયુકત ચેરપર્સન શ્રીમતી અભિલાષાકુમારીનું પુષ્પગુચ્છ આપી સ્વાગત કર્યું હતું.

# વાવોલ ગામના તળાવને ઉંડુ કરીને વિકસાવવા માટે તંત્ર સમક્ષ રાજધાની વસાહત મંડળની રજુઆત

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાત સરકાર દ્વારા હાલના સમયે જળ સંચય યોજના હેઠળ તળાવ ઉંડા કરવાની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. મંડળ દ્વારા તંત્ર સમક્ષ કરવામાં આવી છે.

ગુજરાતમાં પાણીના સ્તર ઉંચા આવે અને પાણીની અછત ના સર્જાય તે માટે રાજય સરકાર તો તેમાં બારેમાસ પાણીનો સંગ્રહ થઈ શકે તેમ છે. તેથી રાજધાની વસાહત સેવા મંડળ ગાંધીનગરના પ્રમુખ રજુજી ગોલે તંત્ર સમક્ષ લેખિત રજુઆત કરીને વાવોલના




ગાંધીનગર શહેરની આસપાસના ગામોમાં પણ તળાવ બનાવવાનું કામ ચાલી રહ્યું છે. શહેરને અડીને આવેલા વાવોલ ગામના તળાવને ઉંડુ કરીને વિકાસ કરવાની વાતો કરવામાં આવી હતી.

પરંતુ તેમાંથી એકપણ વાત તંત્રએ સાર્થક કરી નથી. જયારે પહેલા ગામનું તળાવ ખુબ જ ઉંડુ અને બારેમાસ પાણી રહેતું હતું. પરંતુ સમયાંતરે તળાવનું પુરાણ થતા તળાવ નાનું અને કરી દીધુ અને બાજુમાં બગીચાનું નક્કી થયું હતું ત્યાં શાકભાજીની લારીઓ ઉભી રહેતા ગંદકી ફેલાય છે. ત્યારે તંત્રએ પણ અન્ય તળાવની સાથે વાવોલના તળાવની સાફ સફાઈ કરાવીને ઉંડુ કરાવવું જોઈએ તેવી રજુઆત રાજધાની વસાહત સેવા દ્વારા હાલ જળ સંચયની યોજના અમલમાં મુકવામાં આવી છે. જેને પગલે સમગ્ર ગુજરાતમાં તળાવો ઉંડા કરવાની કામગીરી ચાલી રહી છે. પાટનગરને અડીને આવેલા વાવોલ ગામના તળાવની સ્થિતિ અત્યંત ખરાબ છે.

તંત્ર દ્વારા તળાવનો વિકસાવાની વાત હતી જે હવે વિસરાઈ ગઈ લાગી છે, જયારે તળાવ પણ પુરાણ થતા નાનું થઈ ગયું છે તેમજ પાણી ન હોવાથી આસપાસની સોસાયટીના ગંદા પાણી તળાવમાં જાય છે. જેને પગલે મચ્છરો તેમજ ગંદકીનું પ્રમાણ વધી જવા પામ્યું છે. જયારે જળ સંચય યોજના હેઠળ વાવોલ ગામમાં જ ત્રણ તળાવો આવેલા છે જો તેની સાફસફાઈ કરી ઉંડુ કરવામાં આવે તળાવ ઉંડા કરીને વિકસાવવા માટે રજુઆત કરી છે.

## શેરથા પાસેથી દેશી દારૂની હેરાફેરી કરતો રીક્ષાચાલક પકડાયો

અડાલજ પોલીસે બાતમી આધારે શેરથા નજીક વોચ ગોઠવી રીક્ષામાં દેશી દારૂની હેરાફેરી કરતા શખ્સને પકડી પાડયો હતો. ચાંદખેડાના વિજય કિશન દંતાણી નામના શખ્સની જીજે.૨૭. ડબલ્યુ.૭૦૪૯ નંબરની રીક્ષા સાથે ૧૦૦ લીટર દેશી દારૂની મુદામાલ સાથે પોલીસે ધરપકડ કરી લીધી હતી. ખાતરના બે કોથળામાં ૧૨૦ લીટર દેશી દારૂ સંતાડી રીક્ષામાં દારૂની હેરાફેરી કરી રહ્યો હતો.

# વર્તમાન ટપક પિયત પદ્ધતિમાં ૧૨ ટકા જીએસટી લેવાના નિર્ણયથી કિસાનોમાં આક્રોશ

ગાંધીનગર, તા. ૧૭

વર્તમાન ટપક પિયત પદ્ધતિમાં ૧૨ ટકા જીએસટી લેવાના નિર્ણયથી રાજ્યભરના કિસાનોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે. ચૂંટણી અગાઉ કેન્દ્ર સરકાર દ્વારા જીએસટી ૧૮ ટકા રાજ્ય સરકારે વહન કર્યો હતો. હવે કેન્દ્ર સરકાર દ્વારા ઘટાડીને ૧૨ ટકા રાખવામાં આવ્યો છે જેથી આ જીએસટી ભરવાનો કિસાનોના માથે જ આવતા ડ્રીપ કરતા પ્રગતિશીલ કિસાનોમાં નારાજગી જોવા મળી છે. આ મામલે ભારતીય કિસાન સંઘ ગુજરાત પ્રદેશ દ્વારા મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી સમક્ષ લાગુ કરાયેલ ૧૨ ટકા જીએસટી પરત ખેંચીને કિસાનોને રાહત આપવા આગ્રહપૂર્વક રજુઆત કરવામાં આવી છે.

ભારતીય કિસાન સંઘ ગુજરાત પ્રદેશ અધ્યક્ષ વિઠ્ઠલભાઈ દૂધાત્રા તેમજ પ્રદેશ મહામંત્રી બી.કે. પટેલે એક સંયુક્ત નિવેદનમાં જણાવેલ છે કે કિસાનોની સર્વાંગીણ સ્થિતિ આજે કફોડી બની છે. તેવા સંજોગોમાં પણ સાહસ કરીને પ્રગતીશીલ ખેડૂતો ગુજરાતમાં ખેતીમાં જેનાથી હરીત ક્રાંતિ સફળ બની છે એવા સફળ ડ્રીપ પ્રોજેક્ટ અપાવનાર કિસાનોને હવે ડ્રીપમાં ૧૨ ટકા જીએસટી લાગુ કરી દેવાતા પરિસ્થિતિ વધુ કફોડી બની છે અને વધુ આર્થિક ભારણ સહન કરવુ પડી રહ્યું છે. ત્યારે જેમ ચૂંટણી પહેલા ૧૮ ટકા જીએસટી પણ જો સરકારે ભરવા સંમતિ બતાવેલ હોય તો પુનઃ આજે સરકારે હવે જ્યારે ૧૨ ટકા જીએસટી લાગુ થતો કિસાનો પાસેથી વસુલ કરવાનો નિર્ણય અયોગ્ય છે. આ અંગે તત્કાલ પૂર્નવિચારણા કરવા અને ૧૨ ટકા જીએસટી કોઈ પણ સંજોગોમાં સરકારે ભરવો જોઈએ એવા સ્પષ્ટ મત સાથે ભારતીય કિસાન સંઘ ગુજરાત પ્રદેશ દ્વારા પત્ર લખીને તુરંત જ અસરથી આ વધારો પાછો ખેંચી રાજ્ય સરકારના કૃષિલક્ષી હકારાત્મક અભિગમનની પ્રતિતી કરાવવી જોઈએ તેવી રજુઆત વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલને મોકલી આપી છે.

આ સિવાય ફાઈલ પ્રોસેજરમાં પણ કરવામાં આવેલ સુધારા જેવા કે પાસબુકની છેલ્લા પાનાની ઝેરોક્ષ તલાટી કમ મંત્રીના હસ્ત લેખિત પ્રત ન ચલાવી લેવા, ફૂવારા પદ્ધતીમાં ફીઝીકલ વેરીફીકેશન જ રાખવા તેમજ અરજી મંજુરી વિલંબ ટાળવા, જી.જી.આર.સી. વડોદરાના જો. મેને. ડીરેક્ટર સમક્ષ રજુઆત કરવામાં આવી.



ગાંધીનગર તાલુકાના કોટેશ્વર ગામે ગ્રામ પંચાયતના સરપંચ અલ્પેશભાઈ પટેલ, ડેપ્યુટી સરપંચ મહેન્દ્રભાઈ પટેલ તથા ગામના અગ્રણી ઉમેશભાઈ પટેલ તથા ગ્રામજનોના સહયોગથી દક્ષિણ બેઠકના ધારાસભ્ય શંભુજી ઠાકોરના વરદ હસ્તે 'સુજલામ સુફલામ યોજના' અંતર્ગત સાબરમતી નદીમાં સુઝલામ સુફલામ જળ સંચય યોજનાનો શુભારંભ તા. ૧૭-૫-૨૦૧૮ના રોજ સવારે ૯.૩૦ કલાકે યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં કોટેશ્વર ગ્રામ પંચાયત દ્વારા આયોજિત ગામ આગેવાનોએ મોટી સંખ્યામાં હાજરી આપી યોજનામાં લોકભાગીદારી અને સંપૂર્ણ સહકાર આપવા ખાતરી આપી હતી. તથા આ યોજનાનો લાભ આજુબાજુના ગામોને મળી રહે તથા પાણીના સ્તર ઊંચા આવે અને સિંચાઈનો લાભ મળે તેમજ આ યોજનાના અમલથી ચોમાસા દરમ્યાન નદીમાં પાણીનો સંગ્રહ થાય અને પાણીની સમસ્યા ન રહે તે માટે રાજ્ય સરકારની સુજલામ સુફલામ યોજનાને પ્રજાએ આવકારી હતી.